# દંતાલી ગામમાં યોજેલ યોગ શિબિર વર્કશોપનો અહેવાલ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શૈક્ષણિક પ્રવૃત્તિઓની સાથે સાથે સામાજિક પ્રવૃત્તિઓ પણ યોજતી રહી છે. 21 જુન, 2022ના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં આઠમા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી નિમિત્તે એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા માનનીય કુલપતિશ્રી પ્રો.ડૉ. અમીબહેન ઉપાધ્યાયના નેતૃત્વ હેઠળ દત્તક લીધેલ દંતાલી ગામમાંની ડાહીબા ઉચ્ચત્તર માધ્યમિક વિદ્યાલયમાં અને પોલીસ જવાનોની સાત દિવસની યોગ શિબિરનું આયોજન કરવામાં આવેલ. જેમાં  દત્તક લીધેલ ગામની શાળામાં અને પોલીસ ત્યાંના શિવાશ્રમના હેડ અને સેન્ટરના કો- ઓર્ડિનેટર જીતુભાઈ પંચાલ દ્વારા તેમજ યુનિવર્સિટીના સભ્યો જઈને યોગ, પ્રાણાયામ તથા નેચરોપેથી અંગે ગ્રામજનોમાં જાગૃતિ લાવવા માટે પ્રયત્નો કરવામાં આવ્યા. આ યોગા દિવસમાં શાળાના તમામ વિદ્યાર્થીઓ  અને ગામના સરપંચશ્રી હાજર રહેલ. સૌએ સાથે રહીને યોગા અને પ્રાણાયામ કરેલ. ત્યારબાદ પોલીસ જવાનોએ પણ દરરોજ પણ સાથે રહીને અલગ –અલગ આસનો અને પ્રાણાયામ કરેલ.  ત્યાંના શિવાશ્રમના હેડ અને સેન્ટરના કો- ઓર્ડિનેટર જીતુભાઈ પંચાલ દ્વારા યોગ, પ્રાણાયામનું જીવનમાં શું મહત્વ છે અને યોગ કરવાથી શું ફાયદા થાય તે સમજાવ્યું. આ સાત દિવસની યોગ શિબિરમાં સૌએ ખૂબ જ ઉત્સાહપૂર્વક યોગ કાર્યક્રમમાં ભાગ લીધેલ.













